## (1) એમોનિયમ નાઈટ્રેટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) કોમર્શિયલ વિસ્ફોટકના ઉત્પાદનમાં વપરાતો તે મુખ્ય ઘટક છે.

(2) તેનો ઉપયોગ ખાતરની બનાવટમાં પણ થાય છે.

(3) ભારતમાં ગીચ વિસ્તારોની આસપાસ મોટા પ્રમાણમાં એમોનિયમ નાઈટ્રેટનો સંગ્રહ કરવો ગેરકાયદેસર છે.

(4) તેનું અણુસૂત્ર $NH_3NO_2$ છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ લેબનન દેશની રાજધાની–બેરુતમાં થયેલો પ્રચંડ વિસ્ફોટ એમોનિયમ નાઈટ્રેટના કારણે થયો હોવાનું જાણવા મળ્યું છે.

⇛ એમોનિયમ નાઈટ્રેટ તેના શુદ્ધ સ્વરૂપમાં સફેદ, સ્ફટીકમય રાસાયણ છે, તે પાણીમાં દ્રાવ્ય છે. તેનું અણુસૂત્ર $NH_4NO_3$ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તેનો ઉપયોગ ખનન તથા બાંધકામની પ્રવૃત્તિમાં વપરાતા કોમર્શિયલ વિસ્ફોટકના ઉત્પાદનમાં મુખ્ય ઘટક તરીકે થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ઉપરાંત ખાતરની બનાવટમાં પણ તેનો ઘટક તરીકે ઉપયોગ થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારતમાં તેના ઉપયોગ પર એમોનિયમ નાઈટ્રેટ રુલ્સ, 2012 દ્વારા નિયંત્રણ રાખવામાં આવે છે.

⇛ આ નિયમો મુજબ, ભારતમાં ગીચ વસતી ધરાવતાં વિસ્તારોમાં મોટાં પ્રમાણમાં એમોનિયમ નાઈટ્રેટનો સંગ્રહ કરવો ગેરકાયદેસર છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (2) પોક્કાલી ચોખા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ચોખા તેમના ખારાપાણીના વરોધના કારણે પ્રખ્યાત છે.
(2) આ ચોખા તમિલનાડુના કેટલાંક નીચાણવાળા વિસ્તારોમાં ઊગાડવામાં આવે છે.
(3) આ ચોખાને GI ટેગ મળેલ છે.
(4) આ ચોખામાં એન્ટિ–ઓકિસડન્ટનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગ્ય વિષયક ગુણ પણ ધરાવે છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ પશ્ચિમબંગાળના ખેડૂતો તેમના વિસ્તારમાં ખારા પાણીનો ભરાવો થવાથી પોક્કાલી ચોખાનો પ્રયોગ કરી રહયા છે.

⇛ પોક્કાલી ચોખા તેમના ખારાપાણીના અવરોધ માટે પ્રખ્યાત છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ચોખા કેરળના કેટલાંક વિસ્તારોમાં ઊગાડવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ચોખાને જુનથી નવેમ્બરના સમયમાં કેરળમાં ઊગાડવામાં આવે છે.

⇛ આ ચોખાની અજોડતાના કારણે તેને GI ટેગ પણ મળેલો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ ચોખા કઠીન આબોહવાની પરિસ્થિતિમાં ટકી શકતાં હોવાથી તથા ઊંચું ઉત્પાદન આપતા હોવાથી તે આબોહવા–અવરોધક (Climate Resilient) કૃષિના પ્રોત્સાહનમાં મદદ કરી શકે છે.

⇛ આ ચોખામાં એન્ટિ–ઓકિસડન્ટનું વધુ પ્રમાણ તથા કાર્બોહાઈડ્રેટનું નીચું પ્રમાણ હોવાથી તેનામાં આરોગ્ય વિષયક ગુણ પણ છે. આ ચોખા ઓછી સુગર ધરાવતો ખોરાક લેનાર વ્યકિત માટે યોગ્ય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) ભૂગર્ભ જળના કોમર્શિયલ વપરાશ માટે NGT દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) ભૂગર્ભ જળના વપરાશ માટે કોઈ 'જનરલ પરીમશન' આપવી નહીં.

(2) ભૂગર્ભ જળ વપરાશ માટેની પરમીશન નિશ્ચિત સમયગાળા તથા નિશ્ચિત પાણીના જથ્થા માટે હોવી જોઈએ.

(3) આપવામાં આવેલી પરમીશનનું દર 3 વર્ષે રિવ્યું કરવું.

(4) ભૂર્ગભ જળના પ્રમાણનું ઓડીટીંગ કરવું.

(A) માત્ર (1), (2) અને (4)    (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (4)    (D) માત્ર (2)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ **NGT** (નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ)એ નીચેના માર્ગદર્શનો જલ–શકિત મંત્રાલય તથા કેન્દ્રીય ભૂગર્ભ જળ બોર્ડ **(CGWB)**ને આપ્યા છે. આ માર્ગદર્શનો મુખ્યત્વે ભૂગર્ભ જળના કોમર્શીયલ વપરાશ માટેના છે.

- ભૂગર્ભજળના વપરાશ માટેની જનરલ પરમીશન આપવી નહીં. ખાસ કરીને કોમર્શીયલ એકમને **EIA (Environmental Impact Assessement)**નો અભ્યાસ કર્યા વગર આવી મંજૂરી ન આપવી. (આથી, વિધાન **(1)** સાચું છે.)
- ભૂગર્ભજળના વપરાશની મંજૂરી નિશ્ચિત સમય માટેની તથા નિશ્ચિત પ્રમાણમાં પાણી માટેની હોવી જોઈએ નહીં કે હંમેશા માટેની. (આથી, વિધાન **(2)** સાચું છે.)
- આપવામાં આવેલી પરમીશનનું સ્વતંત્ર રીતે તથા તજજ્ઞો દ્વારા વાર્ષિક રિવ્યુ (મૂલ્યાંકન) કરવું. (આથી, વિધાન **(3)** ખોટું છે.)
- ભૂગર્ભજળના પ્રમાણનું ઓડીટીંગ ફરજિયાત થવું જોઈએ તથા પરમીશન મુજબ તેના રેકોર્ડ રાખવા. ઉપરાંત આવા ઓડીટને ઓનલાઈન જાહેર કરવા. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ અગાઉ **NGT** એ જણાવેલું હતું કે વધુ વપરાશ થયેલાં, ગંભીર પરિસ્થિતિ ધરાવતાં ભૂગર્ભજળ વિસ્તારોનું વોટર મેપીંગ કરવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

**(4) 103માં બંધારણીય સુધારા અધિનિયમ, 2019 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ સુધારા દ્વારા આર્થિક રીતે પછાત વર્ગને રોજગાર તથા ભણતરમાં અનામત આપવામાં આવેલું છે.
(2) આ સુધારા દ્વારા અનુચ્છેદ 13, 14 અને 16માં સુધારો કરવામાં આવ્યો છે.
(3) આ સુધારાને અનુલક્ષીને સુપ્રીમ કોર્ટમાં તાજેતરમાં 7 જજની બંધારણીય બેચ રચવામાં આવી છે.
(4) આ સુધારાને પડકારતાં એક નાગરિકે જણાવ્યું છે કે, આ સુધારો મિનરવા મિલ્સ કેસમાં આપવામાં આવેલાં પછાત વર્ગને ઓળખવા વિશેના ચૂકાદાથી વિરુદ્ધ છે.

(A) માત્ર (1) અને (3) (B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (2) અને (4) (D) માત્ર (1)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં 103માં બંધારણીય સુધારાને પડકારતી એક અરજી માટે સુપ્રીમ કોર્ટ દ્વારા 5 જજની બંધારણીય બેચ રચવામાં આવી છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ 103માં બંધારણીય સુધારા દ્વારા આર્થિક રીતે પછાત વર્ગ (EWS)ને રોજગાર તથા ભણતરમાં 10%નું અનામત આપવામાં આવેલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સુધારા દ્વારા અનુચ્છેદ 15 અને 16ને સુધારવામાં આવેલાં છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ઉપરાંત અનુચ્છેદ 15(6) અને 16(6) આ સુધારા દ્વારા ઉમેરવામાં આવ્યાં છે.

⇛ ઈન્દ્રા સાહની વિ. ભારત સંઘ, 1992 કેસના ચૂકાદા મુજબ કોઈ પછાત વર્ગને માત્ર આર્થિક પરિસ્થિતિઓ દ્વારા ઓળખી શકાય નહીં. આથી, 103માં સુધારાને પડકારતાં એક નાગરિકે ઈન્દ્રા સાહની કેસનું ઉદાહરણ આપેલું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) બ્રુ સમુદાય વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેમને રીઆંગ (Reangs) પણ કહે છે.

(2) તેઓ પૂર્વોત્તર ભારતના ત્રિપુરા, આસામ, મણિપુર અને મિઝોરમમાં વસે છે.

(3) મિઝોરમમાં તેમને PVTG તરીકે ઓળખવામાં આવે છે.

(4) આસામના લોકો દ્વારા તેમને સ્થાનિક માનવામાં આવતાં નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ પૂર્વોત્તર ભારતમાં બ્રુ રેફ્યુજીનો પ્રશ્ન ઘણાં લાંબા સમયથી ચાલે છે. જાન્યુઆરી, 2020માં આ પ્રશ્નના ઉકેલ માટે એક કરાર કરવામાં આવ્યો હતો.

⇛ આ કરાર કેન્દ્ર સરકાર, મિઝોરમ ત્રિપુરા અને બ્રુ સમુદાયના પ્રતિનિધિઓ વચ્ચે થયો હતો.

⇛ તાજેતરમાં બ્રુ સમુદાયની સંસ્થાએ તેમના રીસેટલમેન્ટ માટે આપવામાં આવેલી જગ્યાને નકારી છે.

⇛ બ્રુ સમુદાય પૂર્વોત્તર ભારતમાં ત્રિપુરા, આસામ, મણિપુર અને મિઝોરમમાં ફેલાયેલાં છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ બ્રુ સમુદાયને રીઆંગ (Reangs) તરીકે પણ ઓખળવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ત્રિપુરામાં તેમને PVTG (Particularly Vulnerable Tribal Group)નો દરજ્જો મળેલો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ મિઝોરમના કેટલાક સમૂહો દ્વારા તેમને સ્થાનિક માનવામાં આવતાં નથી. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

## Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

**YouTube**

ICE RAJKOT

**Instagram**

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT